સમ્યકત્વના ૬૭ બોલની સઝાય.

(રચનાર—શ્રીમદ્ યશોવિજયજી.)

પ્રયોજક અને પ્રકાશક,

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ્. એલ્. બી.

હાઈકોર્ટ વકીલ. પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઈ

વીરસંવત્ ૨૪૩૮. ઈ. સ. ૧૯૧૨

પ્રથમ આવૃત્તિ. નકલ ૧

અમદા

ધી "ડાયમંડ જ્યુબિ

પરીખ દેવીદ

વિદ્યાપાઠ ગ્રંથ ૩૮

નિવેદન.

શ્રીમદ્ યશોવિજય કૃત સમ્યકત્વના ૬૭ બોલની સઝાય એટલી બધી પ્રચલિત છે કે તે સંબંધે ઓળખાણ આપવાની જરૂર નથી. દરેક ભાવિક શ્રાવક તથા શ્રાવિકા મુખપાઠે રાખે છે; મુખપાઠ કરવા સાથે તેમાં રહેલ અર્થ અને રહસ્ય-ભાવ સમજાય તે માટે તેનો સંપૂર્ણ અર્થ તેમાંના પારિભાષિક શબ્દોનું સ્પષ્ટીકરણ કરનારી ફૂટનોટ સાથે મૂકવાનો યથાશક્તિ પ્રયાસ કરેલ છે, જે સાદર સ્વીકારવામાં આવશે.

આ અર્થ માટે શેઠ વેણીચંદ સૂરચંદ તરફથી નીકળેલ સમકીતના ૬૭ બોલની સઝાય એ નામક પુસ્તકની સહાય લીધી છે, અને પારિભાષિક શબ્દોની વ્યાખ્યા માટે ઉપદેશ-'સાદ, યોગબિંદુ આદિ ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો ' તેમનો આ સ્થાને ઉપકાર માનું છું.

ક્ત્વ વગર સંસારનો પાર કદી પણ પામી શકાય ' મોક્ષરૂપી વૃક્ષનું બીજ છે, અને તે અતિશય ભ, અને દુઃશકય વસ્તુ છે. આ વસ્તુ પ્રાપ્ત ` શું વસ્તુ છે? તે કેમ પ્રાપ્ત કરી શકાય ને માટે પ્રબલ પુરૂષાર્થ અને અપ્રમાદ

ાાન પ્રાપ્ત કરી અંતિમમાર્ગ પામો

મોહનલાલ.

સમ્યકત્વના ૬૭ બોલની સજાય.

૧.

પ્રસ્તાવ.

દોહા.

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસતી માત;
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨
દાનાદિક કિરિયા ન દે, સમકિત વિણુ શિવ શર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩
દર્શનમોહ વિનાશથી, જે નિર્મળ ગુણ ઠાણ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિ ઠાણ.

અર્થ—સુકૃત-પુણ્યરૂપ વેલ વધારવાને કાદંબિની-
સરસ્વતિ માતાને યાદ કરી મીઠી એવી સમકિતના
વાત કહીશું. ૧.

સમકિત આપનાર ગુરૂ આદિનો કોડાકોડ
લઇએ તોપણ પ્રત્યુપકાર-પાછો ઉપકાર વાળ

દાનાદિક ક્રિયા એટલે દાન, શીલ,
વગર મોક્ષનું સુખ આપી શકતું નથી
પ્રવચન એટલે સિદ્ધાંતનું રહસ્ય છે.

---

૧. સમકીત-વીતરાગમાં દેવપ
મુકાવી દેવાની ઈચ્છા કરે તે
દુર્ગતિમાં પડતાં પ્રાણીને
ધર્મપણાની બુદ્ધિ એ
દર્શન (સમકીત)
પ્રસિદ્ધ છે, તો

દર્શનમોહ—સમકિતમોહની, મિશ્રમોહની, અને મિથ્યાત્વ મોહનીના એ અનંતાનુબંધીની ક્રોધાદિક ચોકડી—ના નાશથી જે નિર્મળ એટલે મિથ્યાત્વરૂપી મેલ રહિત ગુણસ્થાન—અવિરતિ સમકિતદૃષ્ટિ ગુણસ્થાન પ્રકટે છે, તેનેજ [2]નિશ્ચય સમકિત કહ્યું છે, અને તેના અહિઠાણ—અધિષ્ઠાન—રહેવાનાં ઠેકાણાં નીચે મુજબ છેઃ—

૨.

સમકિતના ૬૭ બોલ.

(ઢાલ—દેઈ દેઇ દરિસણ આપણું એ દેશી.)

ચઉ સદ્દહણ તિલિંગ છે, દશવિધ વિનય વિચારોરે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારોરે. ૫

(ત્રુટક).

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયે;
ષટ્ જયણ ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણિયે.
ષટ્ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ;
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

અર્થ—૪ સદ્દહણા—શ્રદ્ધા, ૩ લિંગ, ૧૦ પ્રકારનો વિનય, ૩ ...ણ, ૮ પ્રભાવક, (એમ ૩૩ થયા.) હવે આઠ પ્રભાવક ... ૫ લક્ષણ, ૬ જયણા, ૬ આગાર, ષડ્વિધા—૬ પ્રકારની ...ગણવાં. પછી ૬ સમકિતનાં સ્થાનક—એ રીતે સમકિ...ોહર થયા,—એ સર્વના તત્ત્વ—પરમાર્થનો વિચાર ...ભ્રમણ રૂપ) સંસાર (રૂપી સમુદ્રનો) પાર પા-

૩.

સદ્દહણા.

...જીવાદિક પરમત્થોરે;
...ીજે તેઓ અત્થો રે. ૭

...ર્મના ઉપશમવા પ્રમુખથી ઉત્પન્ન ...ને વસ્તુપણે જાણવાથી ...સકીત એટલે મૂળ સમ્યકત્વ ... ઉપદેશપ્રાસાદ.

...ે મિથ્યાત્વ આદિ ...જનછે તે ક્ષાયિક.

(ત્રુટક).

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્‌વહણા ખરી;
બીજી સદ્‌વહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજિયે જિમ, પીજીએ સમતાસુધા. ૮

(ઢાલ-ચાલુ).

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહાછંદા રે;
પાસત્થાને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૯

(ત્રુટક).

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્‌વહણા ગ્રહી,
પર દર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્‌વહણા કહી;
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જળમાં ભળ્યું ગંગા, નીર લૂણપણું લહે. ૧૦

અર્થ—ત્યાં-તેમાં ચાર પ્રકારની સદ્‌વહણા છે. જીવ તત્ત્વ આદિ પરમાર્થ કે જે સિદ્ધાંતમાં કહેલ છે, તેના અર્થ (સત્ પદાદિક સાત ભાંગાથી) લીજે-હૃદયમાં ધારવો ઘટે છે, તેનો અર્થ વારંવાર વિચાર તે પ્રથમ સદ્‌વહણા છે, (પરમાર્થસંસ્તવ-પરમરહસ્યપરિચય). બીજી (નામે[3] પરમાર્થજ્ઞાતૃસેવના) સદ્‌વહણા તે સમકિતના જાણ એવા મુનિઓના ગુણ ઝવેરી (હીરા માણેક પારખે તેમ) પારખીને સદ્‌વહવા તે. તે મુનિ કેવો છે? તો સંવેગ-રાગદ્વેષથી રહિતપણું તેના રંગના તરંગ મોજાં વિષે સદા ઝીલે છે, તથા શુદ્ધ-નિર્મળ માર્ગ કહેનાર પંડિતો છે; (તો) તેની સેવા કરીએ કે જેથી સમતારૂપી અમૃત પીએ. ૮.

3. ગીત-સૂત્રો અને અર્થ-તેનો અભિપ્રાય એ બંનેને જાણનાર તે ગીતાર્થ સંયમધારી મુનિઓનું ત્રણ પ્રકારે સેવન કરવું એટલે વિનય, બહુમાન, અને પરિચય કરવો. સેવન વિનયરહિત કરેલું નિષ્ફલ છે. આ શ્રદ્ધાને 'ગીતાર્થસેવના' કહે છે. આ શ્રદ્ધા યથાર્થ વસ્તુનાં સ્વરૂપ જણાવવામાં, બોધકારક થઈ શકે છે, તેથી સમ્યકત્વ સ્ફટિકની પેઠે સ્વચ્છ થાય છે. ઉ+પ્રા.

(ત્રીજી સદ્દ્વહણા–[૪] વ્યાપન્નદર્શનવર્જન.) જેણે સમકિત લઇને વમ્યું–ત્યાગ કર્યું તે નિન્હવ–જિન મતના ઉત્થાપક, અહાછંદા–આત્મછંદી, પાસત્થા–પાર્શ્વસ્થ, કુશિલિયા–શીલરહિત તથા વેષને વગોવનાર મંદ-મંદજ્ઞાની હોય છે. ૯.

એવા મંદજ્ઞાની, તથા અજ્ઞાનીને અળગા કરીને ત્રીજી સદ્દ્વહણા ગ્રહીએ. [૫]ચોથી સદ્દ્વહણા (કુદર્શનવર્જન) દુષ્ટ પરદર્શનનો પરિચય તજવો એ છે. (અહીં દૃષ્ટાંત કહે છે) જે નીચનો સંગ ન તજે તેમાં ગુણ રહેતા નથી. જેમકે સમુદ્રના પાણીમાં ગંગાનું પાણી ખારાશ પકડે છે તેમ. ૧૦.

૪.

ત્રણ લિંગ.

(ઢાલ–કપૂર હોવે અતિ ઉજળો રે.—એ દેશી.)

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલો શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જહેવો સાકર દ્રાખ રે.
પ્રાણી ધારીએ સમકિત રંગ,
જિમ લહિયે સુખ અભંગ. પ્રાણી. ૧

[૬]તરૂણ સુખી સ્ત્રી પરવર્યો રે, ચતુર સુણે સુર ગીત;
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રાણી. ૨

---

૪. હઠવાદથી પોતાના મતને સ્થાપન કરવાથી સર્વનયથી વસ્તુના બોધરૂપ દર્શન (સમકીત) જેનું જતું રહ્યું છે એવા (વ્યાપન્ન દર્શની) નિન્હવોનો પરિચય ન કરવો, યથાવસ્થિત સમસ્ત વસ્તુને પ્રમાણ કરતાં છતાં પણ એકાદિક જૂદો અભિપ્રાય રાખતો હોય તે અથવા જિનવચનનો લોપ કરે (અપમાન કરે) તે નિન્હવ કહેવાય છે. અને પાર્શ્વસ્થ (જ્ઞાનાદિ ગુણની પાસે વસતાં છતાં પણ ગુણ ન પામે તે) કુશીલીઆદિકોનો સંગ-પરિચય વર્જવો. કારણ કે એમ ન કરવાથી સમ્યકત્વની શ્રદ્ધામાં હાનિ થાય છે.

૫. અથવા પાખંડીપરિચયવર્જન.

૬. સરખાવો–**यूनो वैदग्ध्यवतः कांतायुक्तस्य कामिनोऽपि दृढम्।
किंनरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः॥**

અર્થ–ચાતુર્યવાળો, કાંતા સહિત, કામી તથા યુવાન્ પુરૂષને કિંનરના ગાન સાંભળવાથી જેટલો દૃઢરાગ થાય છે તેટલો ધર્મ સાંભળવામાં રાગ થાય છે. ધર્મસંગ્રહ.

ભૂખ્યો અટવી ઉતર્યોરે, જિમ દ્વિજ ઘેબર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મનેરે, તેહિજ બીજું લિંગરે. પ્રાણી. ૧૩
વૈયાવચ્ચ ગુરૂ દેવનુંરે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક પરે કરેરે, આળસ નવિય લગારરે. પ્રાણી. ૧૪

અર્થ—(હવે ત્રણ લિંગ કહે છે. ૧ [૭]શુશ્રૂષા–ધર્મ સાંભળવાની અભિરૂચિ, ૨ [૮]ધર્મરાગ–ધર્મ મેળવવાની ઇચ્છા. ૩ [૯]વૈયાવૃત્ય–દેવગુરૂની ભક્તિ બહુમાનાદિ કરવું.) સમકિતના ત્રણ લિંગ છે. (લિંગ–જેણે કરી ઓળખીએ તે ચિન્હ). તેમાં પહેલું શ્રુત અભિલાષા જે શ્રુત સિદ્ધાંતની અભિલાષા–વાંછા–તેને સાંભળવાની ઇચ્છા રાખવી. સાંભળવું કે જેથી શ્રોતા સાકર અને દ્રાક્ષ જેવો મીઠો રસ પામે. હે પ્રાણી! સમકિતને વિષે રંગ–ઉત્સાહ ધરીએ કે જેથી (છેવટે) અભંગ સુખ–મુક્તિ પામીએ. (હવે શ્રુત સાંભળવાની પ્રીતિ કહે છે) કોઇ તરૂણ પુરૂષ સુખી હોય, સ્ત્રી સહિત હોય, વળી ચતુર પુરૂષ હોય, દેવતાનું ગીત સાંભળે ત્યારે જે રાગ થાય તે થકી પણ ઘણા રાગે ધર્મને સાંભળવાની ઇચ્છા રાખે તે શ્રુત અભિલાષી છે. ૧૨.

---

૭. ધર્મ સાંભળવાથી જ્ઞાન થાય છે, જ્ઞાનથી વૈરાગ્ય આવે છે, વૈરાગ્યથી ત્યાગ કરાય છે, ત્યાગથી સંયમ થાય છે, સંયમથી દોષરહિત તપ થાય છે, તપથી નિર્જરા થાય છે, નિર્જરાથી અક્રિય થવાય છે, અક્રિય થવાથી મોક્ષ સધાય છે. માટે શુશ્રૂષા પરંપરાએ મોક્ષપદ આપે છે. ઉ+પ્રા.

૮. ધર્મને વિષે ચારિત્રરૂપ રાગ તે ધર્મરાગ. જ્યારે શ્રુત ધર્મરાગ તો શુશ્રૂષા પદથી કહેલ છે. આ રીતે પ્રથમ લિંગમાં શ્રુત ધર્મપર અને બીજા લિંગમાં ચારિત્ર ધર્મપર રાગ એ રીતે તફાવત છે. ઉ+પ્રા. ધર્મરાગનું સ્વરૂપ એ છે કે ભાવ થકી મનમાં જે ધર્મ ઉપર રૂચિ, પ્રેમ; તે કેવો કે ભોગીને સ્ત્રી ઉપર હોય છ તેથી પણ અધિક તે ધર્મરાગ. કવચિત્ કર્મયોગે અન્યથા પ્રવૃત્તિ થાય તોપણ મનમાં આવો તીવ્રભાવ હોય એટલે તે ધર્મરાગ તેવી પ્રવૃતિથી કાંઇ સ્વરૂપ તજે છે એમ ન જાણવું.

૯. વૈયાવૃત્ય કરવાનો નિયમ તે તપનો ભેદ છે, તેથી તે ચારિત્રના અંશરૂપ છે. જ્યાં સમ્યકત્વનું હોવાપણું હોય ત્યાં તેનું અવસ્ય થવાપણું છે. ધ+સં.

જેમ કોઈ ભૂખ્યો બ્રાહ્મણ વન ઓળંગીને આવેલ હોય, તેજ ચંગ-મનોહર ઘેબર દેખીને ખાવાની અત્યંત ઈચ્છા કરે તેમ જે પ્રાણી ધર્મને ઇચ્છે તેને ધર્મરાગ નામે બીજું લિંગ કહીએ. ૧૩.

જે ગુરૂ તથા દેવની વૈયાવચ્ચ-તેમના ચરણ કમળની સેવના, ભકિત, બહુમાન વગેરે વૈયાવૃત્ય વિદ્યાસાધકની પેઠે આળસ જરા પણ રાખ્યા વગર કરે તે ઉદાર ત્રીજું લિંગ છે. ૧૪.

૫.

દશ પ્રકારનો વિનય.

(ઢાળ—પ્રથમ ગોવાળ તણે ભવેજી—એ દેશી.)

અરિહંત તે જિન વિચરતા જી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇય જિનપડિમા કહી જી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર, સમજો વિનય પ્રકાર,
જિમ લહિયે સમકિત સાર-ચતુર નર. ૧૫
ધર્મ ક્ષમાદિક ભાખિયો જી, સાધુ તેહનારે ગેહ;
આચાર્ય આચારના જી, દાયક નાયક જેહ. ચતુર. ૧૬
ઉપાધ્યાય તે શિષ્યને જી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણિયે જી, દર્શન સમકિત સાર. ચતુર. ૧૭
ભકિત બાહ્ય પ્રતિપત્તિથી જી, હૃદયપ્રેમ બહુમાન;
ગુણ સ્તુતિ અવગુણ ઢાંકવા જી, આશાતનની હાણ. ચતુર. ૧૮
પાંચ ભેદ એ દશ તણો જી, વિનય કરે અનુકૂલ;
સીંચે તેહ સુધારસે જી, ધર્મવૃક્ષનું મૂળ. ચતુર. ૧૯

અર્થ—(હવે ૧૦ પ્રકારનો વિનય કહે છે.) (૧) અરિહંત-તીર્થંકર દેવ તે વિદ્યમાન વિચરતા ભગવાનનો, (૨) જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ ખપાવી મોક્ષે પહોંચેલા સિદ્ધ ભગવાનનો, (૩) ચૈત્ય (જે દેખી ગુણ ચેતીએ તે) જેનો અર્થ જિનપ્રતિમા છે તેનો, અને (૪) પ્રસિદ્ધ શ્રુત-સિદ્ધાંત (૧૧ અંગ અને ૧૨ મો દૃષ્ટિવાદ) તેનો વિનય કરવો. હે ચતુર-પંડિત પુરૂષો ! તમે હૃદયને વિશે દશવિધ વિનયનો ભેદ સમજો જેથી સમકિતનું રહસ્ય પમાય. ૧૬.

(૫) ધર્મ કે જે[૧૦] ક્ષમાદિક દશ પ્રકારનો છે તેનો વિનય, (૬) તેના ગેહ-ઘર-સ્થાન સાધુ મુનિરાજ છે તેનો વિનય, (૭) [૧૧]પાંચ આચારના દેનાર અને ધર્મના નાયક એવા આચાર્યનો વિનય, (૮) શિષ્યને સૂત્ર-[૧૨]૪૫ આગમ ભણાવનાર ઉપાધ્યાયનો વિનય, (૯) પ્રવચન-[૧૩]સિદ્ધાંતનો વિનય અથવા નવ તત્ત્વને જાણે આદરે તે પ્રવચન [૧૪]સંઘનો વિનય તથા (૧૦) દર્શન-ઉત્તમ સમકિતનો વિનય કરવો.૧૭.

(હવે કેવી રીતે કરવો તે કહે છે.)-(૧) ભક્તિ-બાહ્ય પ્રણિપાત પૂજા કરીને એટલે [૧૫]અષ્ટાંગ પ્રણામ કરવાથી, (૨) હૃદય પ્રેમથી-સ્નેહરાગ ધરીને, (૩) ગુણની સ્તુતિ કરીને-વર્ણવાદ કરીને, (૪) ગુણીના અવગુણ ઢાંકીને-અવર્ણવાદથી-પ્રતીપ-વિપરીતપણે વર્તવું, (૫) આશાતના ટાળીને એવી રીતે પાંચ ભેદે કરી (અરિહંતાદિક) દશનો અનુકૂળ વિનય કરે તે માણસ વિનયરૂપ અમૃત રસે કરી સમકિત રૂપ ધર્મવૃક્ષના મૂળને સિંચે છે.[૧૬] ૧૮-૧૯.

---

૧૦. ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ, અને બ્રહ્મચર્ય.

૧૧. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

૧૨. ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ. ૪ મૂળસૂત્ર, ૧ નંદિ, ૧ અનુયોગ.

૧૩. એટલે ૧ સૂત્ર, ૨ નિર્યુક્તિ, ૩ ભાષ્ય, ૪ ટીકા, ૫ ચૂર્ણિ=પ્રવચન.

૧૪. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ સંઘ.

૧૫. અષ્ટાંગ પ્રણામ.—

उरसा शिरसा पृष्ठाजानुनासातथैव च।
ग्रीवा कराभ्यां नयनाभ्यां प्रणामोऽष्टांग उच्यते ॥

અર્થ—હૃદય, મસ્તક, પીઠ, જાનુ, નાક, ડોક, હાથ, નયન એથી પ્રણામ કરવા તે આઠ અંગથી પ્રણામ કહેવાય છે.

૧૬. વિનય કરવાથી સાંભળવાની (ધર્મ, ગુરૂવાકય આદિ) ઈચ્છા-શુશ્રૂષા થાય છે; ગુરૂવાકય સાંભળવાથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન આવવાથી વિરતિ થાય છે. વ્રત લેવાથી આવતાં કર્મો રોકાય છે-આશ્રવનો નિરોધ થાય છે. આવતાં કર્મ રોકાવાથી-સંવરથી તપોબળ પ્રાપ્ત થાય છે,

૬.

ત્રણ શુદ્ધિ.

(ઢાળ-ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે.—એ દેશી.

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મનશુદ્ધિ રે;
શ્રી જિનને જિનમત વિના રે, જુઠ સકળ એ બુદ્ધિ રે.
ચતુર ! વિચારો ચિત્તમાં રે.— ૨૦
જિનભકિતએ જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે;
એવું જે મુખે ભાખિયે રે, તે વચનશુદ્ધિ કહેવાય રે. ચતુર ! ૨૧
છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહતો અનેક પ્રકાર રે;
જિન વિણુ પર સુર નવિ નમે રે, તેહની કાયાશુદ્ધિ ઉદાર રે. ચતુર ! ૨૨

અર્થ—સમકિતની ત્રણ શુદ્ધિ (જે નિર્મળ કરે તે શુદ્ધિ કહિયે) છે, તેમાં પ્રથમ મનઃશુદ્ધિ છે જેમાં શ્રી જિન ભગવાન્ અને જિનદર્શન-જિને કહેલું તત્વ (તેજ સત્ય છે) તે સિવાયનું બધું જૂઠું છે એવી બુદ્ધિ રાખવાની છે. ૨૦.

જે કાર્યની સિદ્ધિ જિનની ભકિત કરવાથી ન થઈ તે બીજા (દેવથી) કેમ થશે ? એવા ઉદ્ગાર જે મુખથી નીકળે તેની સમકિતની બીજી વચનશુદ્ધિ કહેવાય. ૨૧.

જેના શરીરને અનેક પ્રકાર છેદતાં કે ભેદતાં તેથી થતી વેદના સહન કરે, પણ જિન ભગવાન્ વગર બીજા દેવતાને કદી નમે નહિ તેની મોટી કાયાશુદ્ધિ છે. ૨૨.

૭.

પાંચ દૂષણ.

(ઢાળ-મુનિજન મારગની દેશી.)

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે.
સમકિત દૂષણ પરિહરો. ૨૩

તપોબળથી નિર્જરા થાય છે-કર્મથી મૂકાવાઈએ છીએ, અને નિર્જરાથી ક્રિયાનિવૃત્તિ થાય છે; કર્મનિવૃત્તિથી અયોગીપણું થાય છે, યોગનો નિરોધ થવાથી ભવસંતતિનો ક્ષય થાય છે, અને ભવસંતતિના ક્ષયથી મોક્ષ થાય છે; માટે સર્વ કલ્યાણનું કારણ વિનય છે.

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે;
પામી સુરતરૂ પરગડો, કેમ બાવળ ભજિયે. સમકિત. ૨૪
સંશય ધર્મના ફળ તણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમકિત. ૨૫
મિથ્યામતિ ગુણવર્ણના, ટાળો ચોથો દોષ;
ઉન્માર્ગી સ્તવતાં હુવે, ઉન્માર્ગ પોષ. સમકિત. ૨૬.
પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે;
એમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે. સમકિત. ૨૭

અર્થ—સમકિતનાં (પાંચ) દૂષણ તજો કે જેમાં પહેલું દૂષણ શંકા છે; જિનેશ્વર ભગવાન્ કે જેને રાજા અને રાંક સરખાં છે તેના વચનમાં-સૂત્ર સિદ્ધાંતમાં[17] શંકા રાખવી નહિ. ૨૩.

બીજું દૂષણ કંખા-કાંક્ષા એટલે કુમતની ઇચ્છા છોડવી જોઇએ. કારણ કે પ્રગટ (જિન ધર્મરૂપી) કલ્પવૃક્ષ પામીને (મિથ્યાત્વરૂપી) બાવળને શા માટે સેવીએ? ૨૪.

ત્રીજું દૂષણ નામે વિતિગિચ્છા-વિચિકિત્સા એટલે ધર્મના ફળનો સંદેહ રાખવો[18] તે પોતાના શુભ પરિણામ-મનોભાવ વડે દૂર કરો. ૨૫.

ચોથું દૂષણ મિથ્યામતિની ગુણવર્ણના-ગુણની પ્રશંસા ટાળો કારણ કે ઉન્માર્ગીનાં વખાણ કરતાં મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. ૨૬.

પાંચમું દૂષણ મિથ્યામતિનો પરિચય છે તે કરવો નહિ જેથી શુભમતિ અરવિંદ એટલે સમકિત રૂપ કમળની સુંદર સુવાસ લઇએ.

---

૧૭. અર્હત્ પ્રરૂપિત ધર્મતત્ત્વમાં સંદેહ બુદ્ધિ (વહેમ.) બે પ્રકારે છે.-(૧) દેશથી શંકા-એકેક પદાર્થની શંકા, જેમકે જીવ છે તે ખરૂં, પણ તે સર્વગત છે કે અસર્વગત? (૨) સર્વથી શંકા-સર્વ પદાર્થની અશ્રદ્ધા. આ બંને પ્રકારની શંકા પ્રાણીને સમકિતથી ભ્રષ્ટ કરે છે.

૧૮. જેમકે સામાયિકાદિક ક્રિયા કરવાથી ખેતીવાડીનું ફળ મળવું જોઇએ તે મળશે કે કેમ? આવી શંકા કરવી તે વિચિકિત્સા કહીએ. અહીં કોઈ સવાલ કરશે કે આ લક્ષણ શંકાના લક્ષણથી જૂદું નથી. આનો ઉત્તર એ છે કે 'શંકા' તો દ્રવ્ય ગુણવાળા સર્વ પદાર્થ સંબંધે છે, જ્યારે વિચિકિત્સા તો ક્રિયા કરેલી છે તેનાં ફળ સંબંધે છે.

૮.

આઠ પ્રભાવક.

(ઢાળ-ભોલિડા હંસારે વિષય ન રાચિયે—એ દેશી.)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન્ય ધન્ય શાસનમંડન મુનિવરા.—૨૮

ધર્મકથી તે બીજો જાણિયે, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશેરે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધન્ય. ૨૯

વાદી ત્રીજોરે તર્ક નિપુણ ભણી, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન્ય. ૩૦

ભદ્રબાહુપરે જેહ નિમિત્ત કહે, પરમતજીપણ કાજ;
તેહ નિમિત્તરે ચોથો જાણિયે, શ્રી જિનશાસન રાજ. ધન્ય. ૩૧

તપગુણ ઓપેરે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;
આસ્રવ લોપેરે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન્ય. ૩૨

છઠ્ઠો વિદ્યારે મંત્ર તણો બલી, જિમ શ્રી વયર મુણિંદ;
સિદ્ધ સાતમોરે અંજનયોગથી, જિમ કાલિક મુનિ ચંદ. ધન્ય. ૩૩

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેનપરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ. ધન્ય. ૩૪

જબ નવિ હોવે પ્રભાવિક એહવા, તબ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન્ય. ૩૫

અર્થ—પ્રવચનના આઠ પ્રભાવક કહેલા છે. (પ્રવચન-શાસ્ત્ર, સિદ્ધાંત; પ્રભાવક-પ્રભાવ આપનાર-દીપાવનાર, શોભા વધારનાર.) તેમાં ધુરિ-અગ્રસ્થાને પ્રથમ પાવયણી-[૧૯]પ્રાવચનિક (શાસ્ત્ર પારગામી) જાણવો, કે જે ગુણનો ભંડાર હોઈ આગમરૂપ વર્તમાન શ્રુત-સિદ્ધાંતના અર્થનો

૧૯. જે જિનેશ્વરકથિત આગમને જે કાળે જે પ્રમાણે ઉચિત હોય તે પ્રમાણે પ્રરૂપી જાણે તેને, તેમજ ચતુર્વિધ સંઘને જે શુભ માર્ગે પ્રવર્તાવે તેને પ્રાવચનિક જાણવો. ઉ+પ્રા.

પાર પામે. ધન્ય હો! ધન્ય હો! એવા શ્રી જિનશાસનને શોભાવનાર ભૂષણુસમાન મુનિવરોને! ૨૮.

બીજો [20]ધર્મકથી (અપૂર્વ ધર્મોપદેશક) જાણુવો, કે જે [21]નંદિષેણુ મુનિની પેઠે પોતે ઉપદેશ કરી લોકને રીઝવે અને તેમના હ્રદયના સંદેહ-શંકાને દૂર કરે. ૨૯.

ત્રીજો [22]વાદી તર્કશાસ્ત્રમાં નિપુણુ (તેથી પરવાદીને નિરૂત્તર કરનાર) જાણુવો, કે જે [23]મલ્લવાદીની પેઠે રાજસભામાં મેઘના ગર્જારવ જેવા શબ્દના ઉચ્ચારથી (પરવાદીને જીતી) વિજયલક્ષ્મીને પામે. ૩૦.

---

૨૦. વ્યાખ્યાન અવસરે પોતાની બુદ્ધિના બળથી અનેક યુક્તિ મેળવી ઘણા જણુને બોધ આપે તે ધર્મકથી-ધર્મકથક છે.

૨૧. નંદીષણુ શ્રેણિક રાજાનો પુત્ર હતો. તેને શ્રીમહાવીર પ્રભુએ પૂર્વ જન્મનું સ્મરણુ આપતાં ભાવથી દીક્ષા લીધી. આ વખતે 'ભોગાવળી કર્મ બારી છે તો દીક્ષા ન લેવી' એવી આકાશવાણી થતાં તથા શ્રી વીરપ્રભુએ ના પાડી છતાં પરાક્રમ પાસે કર્મ શું કરનાર છે? એવું માની દીક્ષા લીધી. પછી એક ગણિકાને ત્યાં આહાર અર્થે જતાં તેની સાથે લુબ્ધ થવાયું. સંયમનો વેષ મૂકી સંસાર સુખ ભોગવવા લાગ્યો. પણ તે પહેલાં એવો અભિગ્રહ લીધો કે દરરોજ દશ માણુસને પ્રતિબોધ પમાડી અન્નપાણી ગ્રહણુ કરવાં. આમ હમેશ પોતાની ધર્મકથાથી દશને બૂઝાવી બાર વર્ષ વીતાડયા. એક દિવસે નવને બૂઝાવ્યા પણુ એક સોની દશમો ન બૂઝયો. ગણિકાની રસોઈ ઠરી ગઈ એટલે તેને બીજી કરવી પડી પણુ તે સોની બુઝેજ નહિ એટલે ટકોરમાં ગણીકાએ કહ્યું કે 'તે સોની ન બૂઝે તો તમો દશમા થાઓ.' એટલે નંદિષણે તુરતજ નવ દીક્ષા લીધી હતી. તે એક અવતાર કરી મોક્ષે જશે.

૨૨. પ્રમાણુના ગ્રંથોના તેમજ સિદ્ધાંતોના બળથી જે પરમતનો ઉચ્છેદ કરે અને વાદી, પ્રતિવાદી, સભ્ય, અને સભાપતિ એમ ચતુરંગ સભાની અંદર પ્રતિપક્ષને તોડવાપૂર્વક સ્વપક્ષનું સ્થાપન કરવાને અવશ્ય કહે તે વાદી.

૨૩. વૃદ્ધવાદી સૂરિએ સિદ્ધસેન બ્રાહ્મણુ પંડિતને ભરૂચની રાજ્યસભામાં જીત્યા. જુઓ ઉ. પ્રા.

ચોથો 'નૈમિત્તિક' જાણવો કે જે શ્રી [24]ભદ્રબાહુની પેઠે પરમત (બૌદ્ધાદિકને) જીતવાને માટેજ (અષ્ટાંગ) નિમિત્ત (ત્રિકાલ સંબંધી લાભ, અલાભ પ્રતિપાદન કરનાર શાસ્ત્ર) પ્રકાશે-ભવિષ્ય કહે કે જેથી જૈન-શાસનની ઉન્નતિ થાય. ૩૧.

પાંચમો 'તપસ્વી' જાણવો કે જે તપથી ચારિત્રગુણને દીપાવે અને ધર્મને રોપે-વૃદ્ધિ કરે અને જિનેશ્વરની આજ્ઞાને લોપે-ઓળવે નહિ એટલે તે પ્રમાણે વર્તે; આસ્રવ-આવતાં કર્મને રોકે, અને કોઈ દિવસ કોપ-ક્રોધ કરે નહિ. ૩૨.

છઠ્ઠો 'વિદ્યાસાધક'-મંત્ર અને વિદ્યામાં બળવાન-નિપુણ જાણવો કે જેનું ઉદાહરણ [25]શ્રી વયર (વજ્રસ્વામી) છે. સાતમો અંજન-યોગથી (શાસનનો) જય કરનાર [26]કાલિકાચાર્યની પેઠે 'સિદ્ધ' (સિદ્ધિસંપન્ન) જાણવો. ૩૩.

---

૨૪. ભદ્રબાહુ અને વરાહમિહિર બે ભાઈઓ હતા, તેઓએ દીક્ષા લીધી. ભદ્રબાહુને સૂરિ પદવી મળી, પણ વરાહમિહિરને આચાર્ય પદવી ગુરૂએ ન આપી તેથી રીસાઈ જૈન મુનિનો વેશ મૂકી ગૃહસ્થપણે રહી સભાના પુરોહિતની પદવી મેળવી જૈન દ્વેષી થયો. આથી જૈનોએ ભદ્ર-બાહુ સૂરિને બોલાવ્યા. તે વખતે રાજાને ત્યાં પુત્ર જન્મ થયો, તેની જન્મપત્રિકા કરતાં વરાહમિહિરે સો વર્ષનું આયુષ્ય કહ્યું, તેથી તેને માન મળ્યું. આ વખતે રાજાને કહ્યું કે ભદ્રબાહુ આવેલ નથી તેથી તે નારાજ થયેલ છે! રાજાએ ભદ્રબાહુને આ જણાવ્યું, ત્યારે સૂરિએ કહ્યું કે 'જવા આવવાનો બે વાર કલેશ કોણ કરે? કારણ કે તે રાજપુત્ર આજથી સાતમે દિવસે બીલાડીથી મરણ પામવાનો છે' આ કથન સત્ય નીવડયું, અને વરાહમિહિર શરમીંદગો થઇ ગયો.

૨૫. શ્રી વયર (વજ્ર) સ્વામીએ જયારે બૌધ રાજાએ બૌધ લોકોના દેશમાં જિનમંદિરમાં ફુલ આપવાં બંધ કર્યા હતાં તે વખતે ત્યાંના જૈન સંઘની પ્રાર્થનાથી દેવોએ અર્પિત કરેલાં કમળનાં ફુલ તથા બીજાં ગુલાબ વગેરે પંચવર્ણા ફૂલો મંત્ર અને વિધાવડે લઇ વિમાનમાં બેસી બૌદ્ધ દેશમાં જઈ સંઘને આપ્યાં હતાં. આ પ્રભાવ જોઇ તે બૌદ્ધ રાજા જૈની થયો.

૨૬. કાલિકાચાર્યની બહેન સાધ્વી સરસ્વતીનું ઉજ્જયનીનો રાજા ગર્દભિલ્લે હરણ કર્યું હતું, તેથી તે આચાર્યે સિદ્ધિના ઉપયોગથી લશ્કર એકઠું કરાવી તે ગર્દભિલ્લને હરાવ્યો હતો.

આઠમો પ્રભાવક ઉત્તમ 'કવિ'(ગદ્ય, પદ્ય વગેરે પ્રબંધવડે વર્ણન-કવન કરે તે.) તે અમૃતના રસ જેવા મીઠા અર્થથી ભરેલાં કાવ્ય ધર્મ-હેતુએ કરે, અને તેથી સિદ્ધસેન દિવાકરની પેઠે રાજાને (વિક્રમરાજાનો) પ્રતિબોધ કરે તે જાણવો. ૩૪.

(પ્રભવ એટલે સ્વતઃપ્રકાશક એવા સ્વભાવને પ્રેરે તે પ્રભાવક અને તેનું કાર્ય તે પ્રભાવના–તે આઠ કહેલ છે) જ્યારે ઉપર કહ્યા એવા પ્રભાવક ન થાય ત્યારે વિધિપૂર્વક યાત્રા પૂજાદિક અનેક કરણી કરે તે છેલ્લો પ્રભાવક જાણવો. ૩૫.

૯.

પાંચ ભૂષણ.

(ઢાળ–સતિય સુભદ્રાની દેશી.)

સોહે સમકિત જેહથી, સખી! જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી! મન વસ્યાં તેહમાં નહિ સંદેહ.
મુજ સમકિત રંગ અચલ હોજોરે. ૩૬.
પહેલું કુશળપણું તિહાં, સખી! વંદન ને પચ્ચખાણ;
ક્રિયાનો વિધિ અતિ ઘણો, સખી! અતિ ઘણો, આચરે તેહ સુજાણ. મુજ. ૩૭
બીજું તીર્થ સેવના, સખી! તીર્થ તારે જેહ;
તે ગીતાર્થ મુનિવરા, સખી! તેહ શું, સખી! તેહ શું કીજે નેહ. મુજ. ૩૮
ભક્તિ કરે ગુરૂ દેવની, સખી! ત્રીજું ભૂષણ હોય;
કિણહિ ચલાવ્યો નવિ ચળે, સખી! ચોથું એ સખી! ચોથું ભૂષણ જોય. મુજ. ૩૯
જિનશાસન અનુમોદના, સખી! જેહથી બહુ જન હુંત;
કીજે તેહ પ્રભાવના, સખી! પાંચમું સખી! પાંચમું ભૂષણ ખંત. મુજ. ૪૦

અર્થ—જેમ ઘરેણાંથી શરીર શોભે છે તેમ જે વડે સમકિત શોભે તેને સમકિતનાં ભૂષણ કહે છે. તે પાંચ છે તે મારા મનમાં વસ્યાં છે એમાં કાંઈ પણ સંદેહ નથી. તો મારા સમકિતનો રંગ અચળ રહેજો. ૩૬.

પહેલું ભૂષણ 'કુશળતા' (એટલે વિધિ અને વ્યવહારમાં–આવશ્યકાદિક ક્રિયામાં કુશળપણું–ડહાપણ અથવા ચતુરપણું). વંદન, પચ્ચખાણ પાળે તે સુજાણ–કુશળ સમજવો (જેમકે વંદનમાં ગુરૂ વંદન

૪૯૨ બોલે કરે, દેવવંદન ૨૦૭૪ બોલે કરે, અને પચ્ચખાણ ૧૦ પ્રકારે કરે. વિગેરે.) ૩૭.

બીજું ભૂષણ 'તીર્થ સેવના' છે, તેમાં તીર્થ તેને કહિયે કે જે (અનંત ચતુર્ગતિમાં ભ્રમણરૂપ સંસાર સમુદ્રથી) તારે તે. (તે બે પ્રકારનાં છે. ૧. સ્થાવર. શત્રુંજય, ગિરનાર આદિ કે જે જિનભગવંતની દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણના સ્થાનરૂપ છે. ૨. જંગમ–તે) ગીતાર્થ–સૂત્ર અર્થના જાણુ મુનિવરો. તો તે બંનેપર સ્નેહ–પ્રશસ્ત રાગ રાખવો. ૩૮.

ત્રીજું ભૂષણ 'ગુરૂદેવ ભક્તિ' એટલે ગુરૂ અને દેવની (અંતરંગ) ભક્તિ કરવી અને ચોથું ભૂષણ 'ધર્મ નિશ્ચળતા'–'સ્થૈર્ય' કોઈ પણ ચળાવે તોપણ ન ચળવું તે દ્રઢતારૂપ છે. ૩૯.

પાંચમું ભૂષણ 'જિનશાસનની અનુમોદના'–[૨૭]'પ્રભાવના' છે, એટલે ઘણા લોકો જૈનમતની પ્રશંસા કરે તેમ ખંત રાખી પ્રભાવના કરવી તે છે. ૪૦.

૧૦.

પાંચ લક્ષણ.

(ઢાળ–એમ નવિ કીજે હો—એ દેશી.)

લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં, ધુર ઉપશમ અનુકૂલ—સુગુણ નર.
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવિયે પ્રતિકૂલ—સુગુણ નર.
શ્રી જિન ભાષિત વચન વિચારિયે. ૪૧
સુરનર સુખ જે દુઃખ કરિ લેખવે, વંછે શિવસુખ એક. સુ.
બીજું લક્ષણ તે અંગિકરે, સાર સંવેગશ્યું ટેક. સુ. શ્રી. ૪૨
નારક ચારકસમ ભવ ઉભગ્યો, તારક જાણિને મર્મ. સુ.
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુ. શ્રી. ૪૩
દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાનીરે ભાવ્ય;
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તિએ મન લાવ્ય. સુ. શ્રી. ૪૪

---

૨૭. આ પ્રભાવના આઠ તે આપણે ઉપર આઠ પ્રભાવક કહ્યા તેમાં આવી ગયેલ છે, છતાં અહીં ફરીથી તેનું ગ્રહણ કર્યું તેનું કારણ એ છે કે એ પ્રભાવના સ્વ અને પરને ઉપકારી છે, તેમજ તીર્થંકર નામ કર્મનું કારણ છે તેથી અહીં તેનું પ્રાધાન્ય જાણવા માટે પુનઃ ગ્રહણ કરેલ છે.

જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ;
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુ. શ્રી. ૪૫

અર્થ—સમકિતના પાંચ લક્ષણ કહ્યા છે (જે વડે કંઈ ઓળખાય છે તે તેનું લક્ષણ કહેવાય છે.) તેમાં ધુર-પહેલું [૨૮]'ઉપશમ' ક્રોધના ત્યાગરૂપ અનુકૂલ-હિતકારી લક્ષણ છે, જેથી અપરાધ કરનાર પુરૂષ ઉપર પણ મનથી તેનું માઠું થાઓ એવું વિચારીએ નહિ, (સમતાથી ક્રોધાદિકને સમાવી રાખે.) હે સુગુણ પુરૂષ! શ્રી જિન ભગવાનનાં ભાખેલાં વચન વિચારવાં ઘટે છે. ૪૧.

બીજું 'સંવેગ' લક્ષણ છે જેથી સુર-દેવના અને મનુષ્યના સુખને દુઃખરૂપ જાણે (કારણ કે તે પૌદ્ગલિક-અસાર ક્ષણભંગુર છે) પણ એક શિવસુખ-મોક્ષનું સુખ (અક્ષય હોવાથી) વાંછે છે-ઇચ્છે છે. આ [૨૯]સંવેગ-મોક્ષની અભિલાષારૂપ સાર સાથે એકાગ્ર વળગી રહેવાનું છે. ૪૨.

---

૨૮. બીજું નામ-શમ, પ્રશમ છે. અર્થાત્ અનંતાનુબંધી કષાયનો ઉદય ન થવો તે. કેટલાએક એમ કહે છે કે 'ક્રોધની ખુજલી અને વિષયની તૃષ્ણાનો ઉપશમ તે શમ' અહીં આ વ્યાખ્યા અનુસાર કોઇ શંકા કરે કે શ્રેણિક અને કૃષ્ણ પ્રમુખ કે જેઓ બીજા અપરાધી નિરપરાધી પ્રત્યે ક્રોધ કરનારા અને વિષય તૃષ્ણાથી ચપળ મનવાળા હતા તેઓ સમ્યક્ત્વવાન્ હોઇ શી રીતે તેમને શમ થયો હશે? આના ઉત્તરમાં કહેવાનું કે લિંગી-સમ્યકત્વ જ્યાં હોય ત્યાં તેનાં પાંચે લિંગ અવશ્ય હોવાં જોઇએ એવો કાંઈ નિયમ નથી. અથવા કૃષ્ણ વગેરેને સંજવલન કષાયના ઉદયથી ક્રોધની ખુજલી અને વિષયતૃષ્ણા થઈ હતી.-અને તેની સાથે કહેવાનું કે કેટલાએક સંજવલન કષાય પણ, તીવ્રપણાને લીધે અનંતાનુબંધી જેવા વિપાક (પરિણામ) વાળા હોય છે એ પણ સ્પષ્ટ છે. 'શમ'ની બીજી વ્યાખ્યા કેટલાએક આમ કરે છે કે 'સારી રીતે જેની પરીક્ષા કરવામાં આવી છે એવા પ્રવકતાના પ્રવાદ કરવા યોગ્ય પ્રવચનના તત્ત્વ ઉપર અભિનિવેશ-આગ્રહ હોવાથી મિથ્યાત્વના અભિનિવેશ-આગ્રહનો ઉપશમ તે શમ.'-ધર્મ સંગ્રહ.

૨૯. સંવેગની બીજી વ્યાખ્યા આ પ્રમાણે કોઈ કરે છે. ભય.-જિન પ્રવચનને અનુસરનાર પ્રાણી, નરકની અંદર આધાકર્મી અસુરાદિકે નિર્મેલ શીત તથા ઉષ્ણાદિ સહન કરવાનું, તિર્યંચમાં ભાર ઉપાડવા વગેરેનું, મનુષ્યોમાં દારિદ્ર દૌર્ભાગ્ય વગેરેનું, અને દેવતામાં ઈર્ષ્યા, ખેદ અને બીજાની ચાકરી કરવા વગેરેનું દુઃખ જોતાં તે ભયથી ભય પામી તેને શમાવવાના ઉપાયરૂપ ધર્મને આચરતો જોવામાં આવે છે, તે પ્રાણીને સમ્યગ્દર્શન હોય છે.

ત્રીજું લક્ષણ નામે [૩૦]'નિર્વેદ' 'ભવવૈરાગ્ય'-નું રહસ્ય એ છે કે નરક રૂપ બંધીખાનાની સમ-પેઠે ભવથી સંસારથી ઉભગી-ત્રાસ પામી ધર્મ તેમાંથી તારનાર છે એમ જાણીને તે (ધર્મ) વડે ભવભ્રમણુથી છૂટવાને ઇચ્છવું તે. ૪૩.

ચોથું લક્ષણ 'અનુકંપા' કહેલ છે. (અનુકંપા-દયા) તે બે પ્રકારની છે. ૧ દ્રવ્યથી, ૨ ભાવથી. ૧ દ્રવ્યથી અનુકંપા તે દુઃખીઆ-રોગી, દીન હીન પર દયા, અને ૨ ભાવદયા તે ધર્મ રહિત ઉપરની એટલે આ ધર્મરહિત પ્રાણી ધર્મ નહિ સાધવાથી બીજી ગતિમાં જશે એવું ચિંતવી ધર્મમાં સ્થિર કરવા રૂપ. આ રીતે યથાશક્તિએ બંને પ્રકારની દયા કરવામાં ઉદ્યમ કરવો.

પાંચમું મક્ષણુ 'આસ્તિકતા' છે, તેમાં જે જિન ભગવાને ભાખ્યું છે તે અન્યથા-જૂઠું નથી એવો દઢ રંગ રાખવો-નિઃસંદેહપણે માનવું ૧૧.

છ યત્ના.

(ઢાળ-જિન જિન પ્રતિવંદન દિસે—એ દેશી.)

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેયરે,
ભવિકાં! સમકિત યત્ના કીજે—૪૬
વંદન તે કરયોજન કહિયે, નમન તે શીશ નમાડે;
દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભકિત દેખાડેરે—ભવિકા! ૪૭
અનુપ્રદાન તે તેહને કહિયે, વાર વાર જે દાન;
દોષ કુપાત્રે પાત્ર મતિયે, નહિ અનુકંપા માનરે—ભવિકા! ૪૮
અણબોલાવે જેહ બોલવું, તે કહિયે આલાપ;
વાર વાર જે આલાપ કરવો, તે જાણો સંલાપરે—ભવિકા! ૪૯
એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે-ભવિકા! ૫૦

અર્થ—પરતીર્થી કહેતાં અન્યલિંગી જેવા કે પરિવ્રાજક તાપસ આદિ, તથા બીજાના દેવ, તથા તેમણે જિનપ્રતિમા ગ્રહણ કરી

---

૩૦. બીજી વ્યાખ્યા-વિષયોની અંદર અનાસક્તિ.

હોય ત્યાં વંદન વગેરે ન કરવું તે સમકિતની યત્ના કહેવાય છે તેના ૭ ભેદ છે. ૪૬.

પહેલી જયણા ' વંદન ' નામે છે તેનો અર્થ બે હાથ જોડી નમવું છે. બીજી જયણા નામે ' નમન ' તે મસ્તક નમાવવું તે છે; ત્રીજી નામે ' ગૌરવભક્તિ ' તે ઉપર કહેલા પરતીર્થી અને પરના દેવને ઇષ્ટ દાન અન્નાદિક આપવું અને ભકિત દેખાડવી તે છે. ૪૭.

ચોથી જયણા નામે ' અનુપ્રદાન ' તે વારંવાર દાન આપવું એમ કુપાત્રને વિષે પાત્રની બુદ્ધિ એ આપવું એ દોષ છે, વળી ત્યાં અનુકંપા માનવી નહિ (કારણ કે અનુકંપા તો દીન દુખિયાને વિષે હોય.) ૪૮.

પાંચમી જયણા ' આલાપ ' નામે છે, એટલે વગર બોલાવે બોલવું, અને છઠી જયણા 'સંલાપ' છે એટલે વગર બોલાવ્યે વારંવાર આલાપ કરવો તે. (ખાસ પ્રયોજન વિના વગર બોલાવ્યે મિથ્યાવાદમાં ઉતરવું નહિ, મધ્યસ્થ ભાવે વર્તવું.) ૪૯

ઉકત ૭ જયણાથી સમકિત ગુણ તથા શુભ વ્યવહાર પણ દીપે છે; વળી તે જયણા પાળવાથી તેમાં બીજા અનેક પ્રકારનાં કારણ-લાભ (જેવા કે દેવગુરૂ આદિની ભકિત, શાસનની પ્રભાવના, જ્ઞાનનો લાભ વગેરે) રહેલ છે. ૫૦

૧૨.

૭ આગાર—આકાર.

(ઢાલ-લલનાની દેશી.)

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દઢ ગુણ આધાર. લલના.
તોપણ જે નહિ એહવા, તેહને એ આગાર. લલના. ૫૧
બોલ્યું તેહવું પાળિયે, દંતીદંત સમ બોલ. લલના.
સજ્જના દુર્જનતણા, કચ્છપકોટિને તોલ, લલના. ૫૨
રાજાનગરાદિક ધણી, તસ શાસન અભિયોગ, લલના.
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ, લલના. ૫૩
મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ, લલના.
ખેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ, લલના. ૫૪

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર, લલના.
તે હેતુએ દૂષણ નહિ, કરતાં અન્ય આચાર. લલના. ૫૫

અર્થ—જે અતિ દઢ (સમકિત) ગુણના આધાર-ધારક છે તે શુદ્ધ નિર્મળ-દૂષણ રહિત એવા ધર્મથી ચળે નહિ—અડગ રહે તેમને (આ છ આગારની જરૂર નથી પડતી), પણ જે એવા નથી (હાલમાં સંઘયણના શિથિલપણાથી) તેઓને આ છ આગાર રાખવા કહ્યા છે. ૫૧.

જેવું મુખે બોલીએ તેવું પાળીએ-એમ સજ્જન પુરૂષનો બોલ દંતી-હાથીના દાંત જેવો છે (કે જે બહાર નીકળ્યો તે અંદર પેસતો નથી) જ્યારે દુર્જનનો કચ્છપ-કાચબાની ડોક જેવો છે (કે જે પલકમાં બહાર નીકળે અને અંદર પેસી જાય.) ૫૨.

પ્રથમ 'રાજાભિયોગ' કહે છે. રાજા તે નગર આદિનો ધણી છે તેના શાસન-આજ્ઞાનો અભિયોગ-બળાત્કાર થાય તો [૩૧]કાર્તિકશેઠની પેઠે વર્તતાં મિથ્યાત્વ લાગતું નથી. ૫૩.

બીજો 'ગણાભિયોગ'-ગણ એટલે માણસોનો મેળો-સમુદાય તેની જબરાઈથી જે કરવું પડે તે. ત્રીજો 'બલાભિયોગ' તેમાં બળ એટલે સૈન્ય (સ્વચક્ર-પોતાના રાજ્યનું ચક્ર અને પરચક્ર-બીજા કોઈ રાજાનું સૈન્ય) તેમના જોરથી તથા ચોર વિગેરેના જૂલમથી કરવું પડે તે, ચોથો 'દેવાભિયોગ'-દેવ એટલે ક્ષેત્રપાલ વગેરે દેવતાના જૂલમથી જે કરવું પડે તે, પાંચમો 'ગુરૂનિગ્રહ'-ગુરૂ એટલે તાત-પિતા વગેરે જે ગુરૂસ્થાને હોય તેમના કહેવાથી જે કરવું પડે તે. ૫૪.

છટ્ઠો 'ભીષણ કાન્તારવૃત્તિ'-ભીષણ એટલે ભયંકર અને કાંતાર એટલે જંગલ અને વૃત્તિ એટલે આજીવિકા એટલે કે ભયંકર વનને વિષે જઈ પડવાથી દુકાળ મરકી વગેરેથી આજીવિકા દુર્લભ થઇ પડે તેથી જે કરવું પડે તે આમ (છ) હેતુએ અન્ય વિપરીત આચાર કરવાં પડે તો દૂષણ ન લાગે. ૫૫.

---

૩૧. પૃથ્વીપુર ભૂષણ નગરમાં પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરતો હતો ત્યાં માસોપવાસી ગૈરિક નામનો તાપસ આવતાં તેને રાજાની આજ્ઞાનુસારે કાર્તિક શેઠને જમાડવો પડયો. વિશેષ કથા કલ્પસૂત્રથી-ઉપદેશ પ્રાસાદથી જાણી લેવી.

૧૩.

૭ ભાવના.

(ઢાળ-રાગ મલ્હાર.)

ભાવિજે રે, સમકિત જેહથી રૂડું, તે ભાવનારે ભાવો કરી મન પરવડું;
જો સમકિતરે, તાજું સાજું મૂલરે, તો વ્રતતરૂરે દીયે શિવફલ અનુકૂળરે. ૫૬

(ત્રુટક.)

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધ એ;
એ પ્રથમ ભાવન ગુણે રૂડી, સુણો બીજી ભાવના;
બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭

(ઢાળ.)

ત્રીજી ભાવનારે, સમકિત પીઠે જો દૃઢ ગ્રહી, તો મોટોરે, ધર્મપ્રસાદ ડગે નહિ;
પાયે ખોટેરે, મોટે મંડાણ ન શોભીયે, તેણે કારણરે, સમકિતશું ચિત્ત થોભિયે. ૫૮

(ત્રુટક.)

થોભિયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવિયે;
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવિયે;
તે વિના છૂટા રત્ન સરિખા, મૂળ ઉત્તર ગુણ સવે;
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે. ૫૯

ઢાળ.

ભાવો પંચમીરે, ભાવના શમદમ સારરે;
પૃથ્વી પરેરે, સમકિત તસ આધારરે.
છઠી ભાવનારે, સમકિત ભાજન જો મળે;
શ્રુત શીલનોરે, તો રસ તેહમાંથી નવિ ઢળે. ૬૦

ત્રુટક.

નવિ ઢળે સમકિત ભાવને રસ, અમિય સમ સંવર તણો;
ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો.
એમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ;
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬૧

અર્થ—જેથી શુદ્ધ સમકિત ભાવીએ તેને ભાવના કહે છે. તે ભાવના મન નિર્મળ કરીને ભાવો. જો સમકિતરૂપ મૂલ તાજું એટલે

નવું અને અખંડિત હોય તો વ્રતરૂપી વૃક્ષ અનુકૂળપણે મોક્ષરૂપી ફળ આપે. ૫૬.

શ્રેષ્ઠ અને રસવાળા એવા સમકિતરૂપ મૂલ વિના જે મતિમાં અંધ–મૂર્ખ પ્રાણી ગર્વથી ભર્યા છતાં ક્રિયા કરે છે, તેમનો ઉદ્યમ નિષ્ફળ અર્થાત્ મોક્ષ પ્રાપ્તિને અર્થે થતો નથી. આ પ્રથમ ભાવના (સમકિત મૂલ ભાવના) સર્વ પ્રકારે હિતકારી છે. ૫૬.

હવે બીજી ભાવના (સમકિતદ્વાર ભાવના) સાંભળો. તેમાં સમકિત તે ધર્મરૂપ નગરનો દરવાજો છે. એટલે જેમ દરવાજામાં પેસીએ તો નગરમાં જવાય તેમ સમકિતની પ્રાપ્તિથી ધર્મપુરીમાં જવાય અર્થાત્ સમકિતથીજ સત્ય ધર્મની પ્રાપ્તિ થાય, એવું ભાવવાનું છે, તેથી તે પવિત્ર છે. ૫૭.

ત્રીજી ભાવના (સમકિત પીઠ ભાવના) માં સમકિત પીઠ પાયા સમાન છે, તે પાયો જો દૃઢ હોય તો ધર્મરૂપી મોટો મહેલ ડગે નહિ. (કહ્યું છે કે) ખોટે પાયે મોટું મંડાણ શોભતું નથી, માટે સમકિતમાં નિશ્ચલ ચિત્ત રહેવું જોઇએ. ૫૮.

એ રીતે ત્રીજી ભાવના ભાવી ચિત્તને સ્થિર રાખી ચોથી ભાવના (સમકિત નિધાન ભાવના) ભાવીએ કે સમકિત સર્વ ગુણ (મૂલ તથા ઉત્તર) નો ભંડાર છે. એવું મનમાં વિચારવું. એ સમકિતરૂપ ભંડાર ન હોય તો સર્વે મૂળ તથા ઉત્તરગુણ છૂટાં રત્નોની પેઠે છે તે શી રીતે રહી શકે ? કેમકે ચોરી લેવાને માટે રાગ દ્વેષાદિ ચોરો ભવોભવ તાકી રહેલા હોય છે. ૫૯.

પાંચમી ભાવના (સમકિત આધાર ભાવના) ઉત્તમ છે તે ભાવો. તે શમદમના સાર રૂપે છે. અને જેમ પૃથ્વી સર્વને આધાર રૂપ છે તેમ સમકિત આધાર રૂપ છે.

છઠી ભાવના (સમકિત ભાજન ભાવના) સમકિત રૂપ ભાજન–વાસણ જો મળે તો શ્રુત સિદ્ધાંત તથા શીલનો રસ તેમાંથી ઢળી જાય નહિ, એટલે આગમશૈલિ તથા શીલને સમકિત ધારણ કરી શકે છે. ૬૦.

સમકિત ભાવનો તથા સંવરનો અમૃત સમાન રસ ઢળે નહિ; એ ઉપર કહેલ છ ભાવનાઓ કહી તો તેમાં અતિશય આદર કરવો

જોઇએ. આમ ભાવતાં ઉત્કૃષ્ટ અર્થરૂપી સમુદ્ર હમેશાં ઉલ્લસિત રહે. જેમ પવનથી મેઘ નાશ પામે તથા સમુદ્રનાં મોજાં ઉછળે તેમ પ્રબળ પુન્ય રૂપી પવનથી અનુકૂળ સામગ્રીના યોગે કર્મબંધ નાશ પામે અને ચિદાનંદ જે આત્મજ્ઞાન તેના કલ્લોલ એટલે તરંગ ઉત્પન્ન થાય.

૧૪.
છ સ્થાનક.

ઢાળ.

(જે મુનિ વેષ શકે નવી છંડી-એ દેશી)

છરે જિહાં સમકિત તે સ્થાનક, તેહનાં ષટ્વિધ કહિયેરે
ત્યાં પહેલું સ્થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયેરે;
ક્ષીરપરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અલગોરે,
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વલગોરે, ૬૨
બીજું સ્થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારેરે,
બાલકને સ્તન્યપાન વાસના, પૂરવ ભવ અનુસારેરે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયોરે,
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ કાયારે. ૬૩
ત્રીજું સ્થાનક ચેતન કર્તા, કર્મ તણે છે યોગેરે,
કુંભકાર જિમ કુંભતણો જગ. દંડાદિક સંયોગેરે;
નિશ્ચયથી નિજગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારેરે,
દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારેરે. ૬૪
ચોથું સ્થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળ કેરો રે,
વ્યવહારે નિશ્ચયનય દૃષ્ટે, ભુંજે નિજગુણ નેરોરે;
પાંચમું સ્થાનક અછે પરમપદ, અચલ અનંત સુખવાસોરે,
આધિવ્યાધિ તનમનથી લહિયે, તસ અભાવે સુખ ખાસોરે. ૬૫
છઠું સ્થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયોરે.
જો સહજે લહિયે તો સઘળે, કારણ નિઃફલ થાયોરે;
કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું, તે વિણ જૂઠી કિરિયારે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયારે. ૬૬
કહે ક્રિયાનય ક્રિયા વિણુ જે, જ્ઞાન તેહ શું કરશેરે ?
જલ પેસી કર પદ ન હલાવે, તારૂ તે કિમ તરશેરે ?

દૂષણ ભૂષણ છે ઇહાં બહોળાં, નય એકેકને વાદેરે,
સિદ્ધાંતી તે બેઉ પક્ષ સાધે, જ્ઞાનવંત અપ્રમાદેરે. ૬૭
એણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહેરે;
રાગદ્વેષ ટાળી મનવાળી, તે સમસુખ અવગાહેરે;
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહિ તસ તોલેરે,
શ્રી **નયવિજય** વિબુધ પાય સેવક, વાચક **જસ** એમ બોલેરે. ૬૮

અર્થ—જ્યાં સમકિત ઠરે એટલે સ્થિર રહે તે સ્થાનક. તે છ પ્રકારનાં છે. તેમાં પહેલું ચેતનસ્થાનક છે તે આત્માનું લક્ષણ છે એટલે 'આત્મા ચેતના લક્ષણવંત છે' આત્મા પુદ્‌ગલની સાથે દૂધ અને (તેમાં નાંખેલા) પાણીની પેઠે મિશ્રિત થયો છે, તેમ છતાં પણ જુદો છે. જો અનુભવ રૂપી હંસની ચાંચ લાગે તો તે આત્મારૂપી દૂધ પુદ્‌ગલરૂપી પાણીના સાથે વળગી ન રહે. ૬૨.

બીજું સ્થાનક 'આત્મા નિત્ય છે' કારણ કે તે પહેલાં અનુભવેલી વસ્તુને યાદ કરે છે અને તેના દાખલા તરીકે બાળક જન્મતાંજ માતાના સ્તનપાનની વાસના કરે છે–ધાવે છે તે (કોણે શીખવ્યું? તો કહે કે) પૂર્વભવના અનુસારે. બાકી દેવ, મનુષ્ય, નરક, તિર્યંચ એ આત્માના જુદા જુદા અનિત્ય પર્યાય છે, પણ આત્મા દ્રવ્યથી બદલાતો નથી, અને આત્મરાજા નિજગુણ–જ્ઞાન, દર્શન, ચારિત્રથી અખંડિત છે. ૬૩.

ત્રીજું સ્થાનક 'ચેતન કર્તા છે.' જેમ કુંભાર કુંભનો દંડચક્રાદિના સંયોગથી કર્તા છે તેમ ચેતન મન, વચન, કાયાના યોગ વડે જ્ઞાનાવરણીયાદિક કર્મનો કર્તા છે. જીવ નિશ્ચયથી અનુપચરિત–શુદ્ધ વ્યવહારે પોતાના જ્ઞાનાદિ ગુણનો કર્તા છે અને ઉપચારથી જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના દ્રવ્ય કર્મનો અને નગર–શહેર વગેરેનો કર્તા છે. ૬૪.

ચોથું સ્થાનક 'જીવ ભોક્તા છે'–જીવ વ્યવહારનયના મતે પુણ્ય અને પાપના ફળનો ભોગવનાર છે, પણ નિશ્ચયનયની દૃષ્ટિએ જોતાં તે પોતાના ગુણ–જ્ઞાન, દર્શન, ચારિત્રનોજ નક્કી ભોક્તા ઠરે છે. ૬૫.

પાંચમું સ્થાનક પરમપદ એટલે 'મોક્ષ છે'–તે ઠેકાણે નિશ્ચલ અને અનંત સુખનો વાસ છે. શરીરની વ્યાધિ–રોગાદિક અને આધિ–મનની

પીડા ઉત્પન્ન થાય છે, તે શરીર અને મનનો અભાવ જેને વિષે છે એવા મોક્ષમાં સર્વોત્તમ સુખ છે. ૬૬.

છઠ્ઠું સ્થાનક 'મોક્ષનો ઉપાય છે' અને તે ઉપાય સંયમની ક્રિયા અને જ્ઞાન એ બે છે. તે મોક્ષ તે જ્ઞાન, અને ક્રિયા એ બે પ્રયાસ વિના સહેજ મળતું હોય તો બધાં કારણ નિષ્ફલ થાય. જ્ઞાનવાદી એમ કહે છે કે જ્ઞાનજ સાચું છે અને તે વિનાની બધી ક્રિયા જૂઠી છે. જેમ કોઇ અજ્ઞાની માણસને રૂપું જડે પણ તેને રૂપાનું જ્ઞાન ન હોવાથી તેને પડતું મૂકી છીપને લેવા જાય છે તેમ. ૬૬.

ક્રિયાનય એમ કહે છે કે ક્રિયા વિના એકનું જ્ઞાન શું કરી શકે ? પાણીમાં પેસીને તરવાનું જ્ઞાન છતાં પણ જો તારૂ હાથ પગને ન હલાવે તો તે શી રીતે તરી શકે ? (માટે જ્ઞાન અને ક્રિયા બેથીજ કાર્ય સિદ્ધ થાય છે). એકેક નયનેવાદે ગુણ દોષ ઘણાં છે, પણ જ્ઞાનવંત એવા સિદ્ધાંતના જાણ–સ્યાદ્‌વાદમતિ તે બંને પક્ષ–નામે જ્ઞાનનય અને ક્રિયા-નયને પ્રમાદરહિતપણે સાધે; (કેમકે એકલાજ જ્ઞાનથી તેમજ એકલી ક્રિયાથી કંઇ કામ બનતું નથી.) ૬૭.

આ પ્રમાણે [૩૨]સડસઠ બોલ વિચારી જે સમકિતને આરાધશે-સેવશે અને રાગદ્વેષ ટાળી મનને (જ્ઞાનરૂપ અંકુશથી) વાળી વશ કરશે તે સમતાનું સુખ અનુભવશે. જેનું મન સમકિતમાં નિશ્ચલ–દૃઢ–અડગ છે તેની બરોબર કોઇ નથી, એવું પંડિત શ્રી નયવિજયજી મહારાજના ચરણકમળનો ઉપાસક ઉપાધ્યાય શ્રી જશવિજયજી કહે છે. ૬૮.

---

૩૨. આ સમ્યકત્વના ૬૭ બોલમાંના પહેલા એકસઠ ભેદો વ્યવહાર સમકિતમાં ગણાય છે અને છેલ્લા છ ભેદો તો નિશ્ચય સમકીતવાળાનેજ સંભવે છે. –ઉપદેશ પ્રાસાદ.

આ સમકીતના ૬૭ બોલ જેને પ્રાપ્ત થાય છે, તે અવિરતિ સમ્યક્ત્વ ગુણસ્થાન નામનું ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે.

–પ્રશ્નોત્તર રત્નચિંતામણિ.

સમ્યકત્વના ૬૭ બોલની ટુંક નોંધ, તથા અનુક્રમ

સમાપ્ત.

સમ્યકત્વથી પરમાત્મપદ પ્રાપ્તિ.

(અધ્યાત્મહોરી.)

(રાગ ધમાલ. હોરીના રાગમાં ગવાશે.)

સમકિત વિણુ કૈસે પાઇએ હો,
અહો મેરે લલનાં ! પરમાતમકો રૂપ. સમકિત. ૧
મોહ કર્મરૂપી ગયો હો, જબ ઋતુ શિશિર મહંત;
સુખદાયી તબ પ્રગટિયો હો, સહજ સ્વરૂપ વિલસંત. સમકિત. ૨
મિથ્યા દર્શન શીતકી હો, વેદના વીતી દૂર;
વરવિવેક સાયર વધ્યો હો, ઉપશમ દિન પામ્યો નૂર. સમકિત. ૩
ઘટી જડતા રજ ગલે હો, દઢ કષાય હિમરાશ;
મોહપંક સૂકો તપ્યો હો, જ્ઞાનદિનેંદ્ર પ્રકાશ. સમકિત. ૪
ન્યાયશશિ નિર્મલ ભયો હો, સુકૃત કુંદ સુખ હેત;
સ્વપર કરૂણા ચંદ્રિકા હો, ભાવભવન કિયો શ્વેત. સમકિત. ૫
દ્રવ્યસ્તવ વાયુ ફરહર્યો હો, સંવર સરસ સુગંધ;
બંધન દલ ઝરી પરે હો, લગે નવ દલ શુભ બંધ. સમકિત. ૬
સુમતિ દાવાનલ જલે હો, કુમતિ મહાઝખ જાલ;
ગઈ દુર્મતિ ધુંઅરી ભયે હો, ચમકે બાદલ બિસરાલ. સમકિત. ૭
શુભ ક્રિયા વન મોરીયાં હો, મોહોર્યો જિનવર ગુણુ અંબ;
વિરતિ કોયલ ગહગહે હો, હરખ્યો હે ભમરો લુંબ. સમકિત. ૮
દુર્બલ મમતા માલતી હો, ફેલી સમતા વેલ;
ઠોર ઠોર ઋતુરાજનો હો, રાજભયો હે રંગરેલ. સમકિત. ૯
પરમાતમ તબ મંડિયો હો, સંજમ હોરી ખેલ;
રસિક લોક ધર્મા તિહાં હો, મિલ આયે હે મનમેલ. સમકિત. ૧૦

ઇંદ્રસૌભાગ્ય. 'હોરીસંગ્રહ' પૃ. ૧૦૧.